ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૧૧-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

ગુરૂ-શિષ્ય આમને સામને

અરવિંદ કેજરીવાલ અત્યંત શુદ્ધ અને ઈમાનદાર આવકવેરા અધિકારી તરીકે મૂઠી ઊંચેરી છાપ ધરાવનારા માણસ ગણાતા હતા. એમણે લાંચ આપવા આવેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ધક્કા મારીને બહાર કાઢી મૂકેલા તે વાત બહુ જાણીતી છે. ખુદ કેજરીવાલે પત્રકારો સમક્ષ પોતાની પ્રામાણિકતા પ્રસ્થાપિત કરતાં આ વાત દોહરાવવી પડી એની પાછળ સૌથી મોટું કારણ છે અણ્ણા હજારેએ એમની સામે ઉઠાવેલ કેટલાક સવાલ. કેજરીવાલે આમ આદમી પાર્ટીની સ્થાપના કરીને ચૂંટણી જંગમાં ઝુકાવવાનો નિર્ણય કર્યો તે અણ્ણાને ગમ્યો નહતો. અણ્ણાએ સંકલ્પ કર્યો હતો કે તેઓ પોતે ક્યારેય ચૂંટણી નહીં લડે અને કોઈ પણ રાજકીય પક્ષના સભ્ય નહીં બને. આ નિર્ણયને તેઓ પંચોતેર વટાવ્યા પછી પણ ચુસ્તપણેવળગી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ એમને ખૂબ જ વહાલા હતા, તેઓ એમના પર આંધળો વિશ્વાસ મૂકીને ચાલતા હતા, પરંતુ કેજરીવાલે અણ્ણાના સત્યાગ્રહ નિમિત્તે ભેગાં થયેલ નાણાંનો હવાલો લઈ લીધો હોવાનું જાણતાં અણ્ણા વ્યથિત થયા હતા. કેજરીવાલ હવે એ નાણાં ચૂંટણી લડવા વાપરી રહ્યા હોવાનુ જાણી અણ્ણા રિસાયા છે. એમણે અરવિંદ સામે થયેલ વિવિધ આક્ષેપો બાબત સ્પષ્ટતા માગતો પત્ર લખ્યો. વળી અગાઉની સીડી પણ ફરતી થઈ ગઈ. અરવિંદ કેજરીવાલ સામે નાણાં ઉઘરાવવાનો અને એનો પોતાની પાર્ટીના હિતમાં દુરુપયોગ કરવાનો આક્ષેપ જ્યારે ખુદ અણ્ણા હજારે તરફથી થાય ત્યારે સ્વાભાવિક છે કે એમને વ્યથા પહોંચે. પત્રકારો સમક્ષ વાતચીત કરતાં એમણે આ મુદ્દે પોતે વ્યથિત હોવાનો સ્વીકાર પણ કર્યો છે. સુશીલકુમાર શિંદે કે ભાજપના ગડકરી જેવા અન્ય કોઈ મોટા રાજકારણી આક્ષેપ કરે તો એની પોતે નોંધ પણ ન લે, પરંતુ અણ્ણાને તો તેઓ ગુરુ માનીને ચાલતા રહ્યા છે. પરિસ્થિતિ એ હદે વણસી ચૂકી છે કે બેઉ એકમેક સાથે ફોન પર વાત સુદ્ધાં કરી શકતા નથી. અણ્ણાએ પોતાના નામનો દુરુપયોગ નહીં કરવાની સ્પષ્ટ સૂચના આપી છે અને કહી દીધું છે કે મતદારોએ પાર્ટી જોયા વગર ફક્ત ચારિત્ર્યશીલ ઉમેદવાર જોઈને મતદાન કરવું. અણ્ણાની આ વાત ઉપર છલ્લી નજરે તો સારી લાગે છે પરંતુ દેશમાં પક્ષવિહીન લોકશાહી પદ્ધતિનું શાસન ક્યાં ચાલે છે? અંગત રીતે ખૂબ સારો ઉમેદવાર હોય પરંતુ છેવટે તો એને પાર્ટીના એજંડા અને વિચારધારા મુજબ વર્તવું પડવું હોય છે. અણ્ણાના આંદોલનથી આવેલી લોકજાગૃતિનો લાભ હકીકતમાં હવાઈ ગયો છે. એ મહદંશે દિલ્હી સિવાયનાં રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળી રહ્યો છે. દિલ્હીમાં અણ્ણાના એક વખતના વિશ્વાસુ સાથીદાર બલકે 'વારસદાર' પોતે હવે આ અણ્ણાની પાર્ટી નથી, એવી સ્પષ્ટતા સાથે ચૂંટણી લડી રહ્યા છે. પોતે શીલા દીક્ષિત સામે ચૂંટણી લડી રહ્યા છે અને જાણે છે કે એ બેઠક પોતે જીતી શકવાના નથી. રાજકારણમાં શુદ્ધીકરણનો પ્રયોગ એ પ્રદૂષિત થઈ ગયેલી ગંગાના શુદ્ધિકરણ કરતાં પણ વધારે કપરો છે. એની પ્રતીતિ અણ્ણા અને કેજરીવાલ બેઉને થઈ ગઈ હશે!

રાજયના ૩૩ જિલ્લામાં રક્ષાશકિત યુનિવર્સિટી સ્થાપવી જોઈએ તેવી માંગણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

રાષ્ટ્ર અને રાજયને તાલીમી માનવધન મળી રહે તેના માટે રાજય સરકાર રક્ષાશકિત યુનિવર્સિટી રાજયના અમદાવાદ સિવાય અન્ય શહેરોમાં સ્થાપવા જોઈએ તેવી રાજયના નાગરિકો દ્વારા ઈચ્છા વ્યકત કરવામાં આવી છે.

હાલમાં રક્ષાશકિત યુનિવર્સિટી ફકત એક જ શહેર અમદાવાદ ખાતે કાર્યરત છે ત્યારે રાજયના જુદા જુદા શહેરોમાં વસતા યુવાનોને માનવ સર્જીત આફતો, કુદરતી હોનારતોમાં સ્વ બચાવ તેમજ અન્ય વ્યકિતઓનો બચાવ કરી શકે તે માટે રાજયના પાલનપુર, અંજાર, રાજકોટ, સુરત, વડોદરા જેવા મોટા શહેરોમાં પણ આવી યુનિવર્સિટી સ્થાપવી જોઈએ.

કલોલ શહેર દલિત સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

કલોલ, તા. ૨૧

કલોલ શહેરના સમગ્ર દલિત સમાજનો નવીન વર્ષનો સ્નેહમિલન સમારંભ તા. ૧૭ નવેમ્બરના રોજ યોજાઈ ગયો. આ સમારંભમાં સમસ્ત દલિત સમાજના પ્રગતિની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોએ સમાજને સંગઠનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન અને સમાજના શૈક્ષણિક ક્ષેત્રે સિધ્ધિ પામેલ તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારોહ તા. ૨૪ નવેમ્બર રવિવાર સવારે ૯.૩૦ કલાકે ઉત્કંઠેશ્વર મહાદેવ મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રામ ભવન ખાતે અગ્રણી વેપારી બળદેવભાઈ દલવાડી-દહેગામના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે.

સમારોહમાં નવા વર્ષ નિમિત્તે સમાજના પરિવારો ઉપસ્થિત રહેશે જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, ચક્ષુદાન દાતાના વારસદારો અને હમણાં યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટના વિનર અને રનર્સ અપ ટીમનું અભિવાદન કરવામાં આવશે. આ સાથે પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયની રકમની ચૂકવણી કરવામાં આવશે. આ પ્રસંગે સર્વે જ્ઞાતિ બંધુઓને પધારવા પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

રોટરી ક્લબ દ્વારા બાળ ચિત્ર સ્પર્ધા

પર્યાવરણની થીમ પરની આ સ્પર્ધામાં આશરે ૨૦૦૦ બાળકો ભાગ લે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૧

કલા અને સાહિત્યના રસમાં તરબોળ ગાંધીનગર નગરીના રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય લલીતકલા અકાદમી, જેસીસ અને ક્લરવ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતેની શાળાઓના સહયોગથી 'પર્યાવરણ'ના વિષય ઉપર એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા તા. ૨૪મી ડિસેમ્બર રવિવારે સવારે ૮ થી ૧૦.૩૦ વાગ્યા દરમ્યાન ટાઉનહોલ સામેની લોનમાં યોજાશે. જેમાં શહેરની શાળાઓમાંથી ધોરણ ૩ થી ધો. ૯ સુધીના આશરે ૨૦૦૦ જેટલા બાળકો ભાગ લેશે.

આ ડ્રોઈંગ કોમ્પીટીશનમાં ભાગ લેનાર દરેક બાળકને આયોજકો તરફથી ડ્રોઈંગ કીટ જેમાં ચિત્ર દોરવા માટેની સામગ્રી જેવી કે ડ્રોઈંગ પેપર, કલર, રબર, શાર્પનર, સ્કેલ વગેરે વિના મુલ્યે આપવામાં આવશે. આ સ્પર્ધામાં અલગ અલગ ત્રણ કેટેગરીમાંથી ત્રણ ત્રણ વિજેતાઓ એમ મળીને કુલ નવ વિજેતાઓને રોકડ પારિતોષિકથી નવાજવામાં આવશે. આ કેટેગરીમાં પહેલી કેટેગરી ધોરણ-૩ થી ધોરણ-૨, બીજી કેટેગરીમાં ધોરણ-૫ થી ધોરણ-૬ અને ત્રીજી અંતિમ કેટેગરીમાં ધોરણ-૭, ૮ અને ૯નો સમાવેશ કરવામાં આવ્યો છે.

ત્રણેય કેટેગરીના વિજેતાઓમાં પ્રથમ વિજેતાને રૂ. ૧૦૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૭૫૦ અને તૃતીય વિજેતાને રૂ. ૫૦૦ રોકડ ઈનામ સ્વરૂપે આપવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કુલ છ જગ્યાએ ફોર્મ વિતરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં સેક્ટર-૨૬માં આવેલ એપક્ષ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૨માં ગ-૬ પાસેના અમુલ પાર્લર, સેક્ટર-૧૬માં આવેલ મિનાક્ષી ટ્રેડર્સ ઉપરાંત સે. ૨-એમાં પ્લોટ નં. ૮૯/૨ ખાતે રહેતા આશાબેન સરવૈયા, સે. ૮માં પ્લોટ નં. ૮૫૫ ખાતે રહેતા મૌલિક રાદડિયા અને સે. ૨૧માં પ્લોટ નં. ૭૨૪/૨ ખાતે રહેતા ડો. વર્ષાબેન પારેખ પાસેથી ફોર્મ મેળવી શકાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી તારીખ ૨૩મી ડિસેમ્બર શનિવારે બપોરે ૩ વાગ્યા સુધીના સમયમર્યાદા સહિત રાખવામાં આવેલ છે. તેમજ સ્પર્ધાના સ્થળે નામની નોંધણી કરવામાં નહીં આવે તેવી તાકીદ પણ આયોજકો તરફથી કરવામાં આવેલ છે.

હરિની દૃષ્ટિ...

ચાલો હવે અંદર સુઈ જાવ. મંગળ પર આપણું યાન પહોંચી જશે...એની ચિંતા કરવાનું કામ વૈજ્ઞાનિકોનું છે.

ખેલ મહાકુંભનો આવતીકાલે રાજકોટથી પ્રારંભ

સમગ્ર રાજ્યમાં ૨૩ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બર દરમિયાન રમતોની વિવિધ સ્પર્ધાઓ યોજાશે : ખેલ મહાકુંભમાં કુલ ૨૧ રમતોનો સમાવેશ

ગાંધીનગર, તા.૨૧

રમશે ગુજરાત, જીતશે ગુજરાત મંત્રને સાકાર કરવા તેમજ રમતગમત ક્ષેત્રનો વિકાસ થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ખેલ મહાકુંભ-૨૦૧૩નો શુભારંભ ૨૩મી નવેમ્બરે અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળાના હસ્તે રાજકોટ ખાતેથી કરવામાં આવશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે રમતગમત, યુવ અને સાંસ્કૃતિક -વૃત્તિઓના મંત્રી શ્રી રમણલાલ વોરા, ર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તેમજ રાજયકક્ષાના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી ખાસ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૩ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બર દરમિયાન યોજાનાર ખેલ મહાકુંભ-૨૦૧૩માં કુલ ૩૮.૦૫ લાખ જેટલા ખેલાડીઓએ હર્ષભેર પોતાની ઉમેદવારી નોંધાવી છે. ચાલુ વર્ષે ચાર રમતોની સ્પર્ધા પ્રાયમ્કક્ષાએથી શરૂ કરવામાં આવનાર છે તેમજ ૧૨ વર્ષથી નીચેની વયના બાળકો માટે બે રમતોની સ્પર્ધા શાળાકીય કક્ષાએ યોજવામાં આવનાર છે. ચાલુ વર્ષે યુનિવર્સિટીને એક અલગ દરજ્જો આપવામાં આવ્યો છે. ખેલ મહાકુંભમાં વિવિધ કક્ષાએથી કુલ ૨૧ રમતો જુદા જુદા ૧૦ વયજૂથ માટે યોજવામાં આવનાર છે. ખેલ મહાકુંભ-૨૦૧૩નું રજીસ્ટ્રેશન ઈ-ગ્રામ મારફત તથા ૧૨ વર્ષથી નીચેની વયના ખેલાડીઓ માટે શાળાઓમાંથી કરવામાં આવ્યું છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભ-૨૦૧૩નો -કાશ રાજયના ગામડે ગામડે -જવલિત થાય તે નેમ સાથે ૧૩ નવેમ્બરના રોજ ગાંધીનગર ખાતેથી નાણા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પંચધાતુની મશાલનું -સ્થાન કરાવ્યું હતું. ચાલુ વર્ષે બે રૂટમાં મશાલ રેલીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં દક્ષિણના જિલ્લાઓમાં મશાલ રેલીના રૂટને સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ ઉત્તર ગુજરાત- સૌરાષ્ટ્ર બાજુ જનાર મશાલ રેલીના રૂટને સ્વામી વિવેકાનંદ નામ આપવામાં આવ્યું છે. જે રાજ્યના તમામ જિલ્લાઓમાંથી પસાર થશે. ચાલુ વર્ષે પાંચ તબક્કે વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. વધુમાં શારીરિક રીતે પૂર્ણતઃ સક્ષમ ન હોય તેવા ખેલાડીઓને પણ અલગ અલગ ચાર જૂથોમાં વર્ગેચી તેઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક સરકારે પુરી પાડી છે. સાગરખેડુ યોજના અંતર્ગત આવતા જિલ્લાઓમાં સાગરતટીય રમત સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભ- ૨૦૧૩માં કુલ રૂા. ૨૭.૪૭ કરોડ જેટલી રકમ પુરસ્કારરૂપે આપવામાં આવશે.

રાજકોટના એમ.એસ. ક્રિકેટ ગ્રાઉન્ડ (રેસકોર્સ) ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાનાર ખેલ મહાકુંભ શુભારંભ -સંગે અતિથિવિશેષ તરીકે રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, રાજ્યકક્ષાના -વાસન મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયા તેમજ ચૂંટાયેલા -તિનિધિઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ડિસેમ્બરમાં ૮૨૩ વર્ષો બાદ અસામાન્ય સંયોગ

રવિ, સોમ, તેમજ મંગળવાર પાંચ વખત આવશે

રાયપુર,તા.૨૧

આગામી મહિને ડિસેમ્બરમાં જ્યોતિષીની દ્રષ્ટિએ અસામાન્ય સંજોગ થનાર છે. આ વખતે ડિસેમ્બરમાં રવિવાર, સોમવાર અને મંગળવાર પાંચ પાંચ વખત આવનાર છે અને આ સંયોગ ૮૨૩ વર્ષોન લાંબા ગાળા બાદ જોવ મળનાર છે. આને લઈને જ્યોતિષીઓમાં તર્કવિતર્કનો દોર ચાલી રહ્યો છે. મળેલી માહિતી મુજબ જ્યોતિષ વિજ્ઞાનમાં આ પ્રકારના યોગને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ વખતે ડિસેમ્બરમાં બનનાર યોગ સમગ્ર દેશની રાજનિતી માટે નુકસાનકારક સંકેત આપે છે. જ્યોતિષશાસ્ત્રના જણાવ્યા મુજબ એક જ મહિનામાં ત્રણદિવસ જો પાંચ પાંચ વખત આવે છે તો દેશમાં ઉથલપાથલ થવાની શક્યતા વધી જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યોતિષ વિજ્ઞાન મુજબ જો મહિનામાં પાંચ વખત સોમવાર આવે છે તો તે ખુબ શુભ ગણવામાં આવે છે. બીજી બાજુ રવિવાર પાંચ વખત આવે છે તો ઉગ્ર સ્વભાવના ઘાતક હોય છે. જ્યારે મંગળવારને ખર્ચાળ ગણવામાં આવે છે. જેથી મહિનામાં પાંચ વખત તેના આવવાથી દેશમાં ખર્ચમાં વધારો થવાનો સંકેત દેખાઈ રહ્યો છે. પાંચ રાજયોમાં યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીના પરિણામ ડિસેમ્બર મહિનામાં આવનાર છે. આવી સ્થિતીમાં આને લઈને સામાન્ય લોકોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. કેટલાક જ્યોતિષ કહી રહ્યા છે કે ડિસેમ્બર મહિનામાં૧૨ રાશી પૈકી ત્રણ રાશી સૌથી વધારે અસરગ્રસ્ત થશે. તેમના કહેવા મુજબ મેષ, સિંહ અને ધનુ રાશી માટે ડિસેમ્હર મહિનામાં અનેક પ્રકારની તકલીફ આવશે. જ્યારે કર્ક, વૃષભ અને મીન રાશીના લોકોને ડિસેમ્બરમાં મધ્યમ અસર થશે. બાકીની રાશી માટે સમય સામાન્ય તરીકે રહેશે. ડિસેમ્બર મહિનામાં રવિવાર, સોમવાર અને મંગળવાર પાંચ વખત આવવાથી સંજોગ અસામાન્ય છે. આ અગાઉ આ પ્રકારની સ્થિતી વર્ષ ૧૧૯૦માં સર્જાઈ હતી. જો કે સામાન્ય લોકો માને છે કે સમય ખરાબ છે કે સારો તે બાબત વ્યક્તિના કર્મના આધાર પર થાય છે. જો કે આને લઈને રાજકીય વર્તુળોમાં ચોક્કસપણ ઉત્સુકતા વધી ગઈ છે. ડિસેમ્બર મહિનામાં આ સંજોગ રાજકીય સ્થિતી પર શુ અસર કરશે તેને લઈને ભારે ચર્ચાછે.

રાંધેજા ગુજરાત વિદ્યાપીઠમાં નિસર્ગોપચાર સર્વ રોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૧

સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે બધા જ પ્રકારના હઠીલા રોગો જેમ કે ઓબેસીટી, ડાયાબીટીસ, દમ, આર્થરાઈટીસ(વા), માનસિક રોગો તથા ચામડી સંબંધિત રોગો અંગેની કુદરતી ઉપચાર વિશેની માહિતી આપવા તા.૧ ડિસેમ્બરથી ૭ ડિસેમ્બર દરમ્યાન સર્વરોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. તો રાંધેજા વિદ્યાપીઠમાં નિસર્ગોપચાર કેન્દ્રમાં સંપર્ક સાધવા જણાવેલ છે.

છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું પહેલીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૨૧

શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું આગામી સ્નેહ સંમેલન તા. ૧ ડિસેમ્બરના રોજ લાલાકાકા હોલ, કિરણનગર, શાહપુર દરવાજા બહાર અમદાવાદમાં બપોરે ૧.૦૦ કલાકે યોજાશે. પ્રમુખ દશરથભાઈ બબલદાસ દરજી (પેથાપુરવાળા) તથા મંત્રી ગોવિંદલાલ નટવરલાલ (ગોઝારીયાવાળા) ઉપસ્થિત રહેવા જણાવેલ છે. આ પ્રસંગે તેજસ્વી તારલાઓને સન્માન કરાશે. ૮૦ વર્ષના વડીલોનું સન્માન કરવામાં આવશે. કારોબારી સભ્ય નટભાઈ કે. દરજી પેથાપુરવાળાએ જણાવેલ છે.

સે-૧૭ લાયબ્રેરીમાં ખુરશીમાં બેસવા બાબતે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો

ગાંધીનગર, તા.૨૧

વિધાનસભા કે લોકસભામાં જ ખુરશી માટે ઝઘડા થાય છે તેવું નથી હવે તો શાંત અને એકાંતવાળા સ્થળ લાઈબ્રેરીમાં પણ ખુરશી માટે ખુલ્લા હાથની મારા મારી થાય છે. આવો જ એક કિસ્સો આજે ગાંધીનગર સ્થિત સે-૧૭ મધ્યસ્થ ગ્રંથાલયમાં બનવા પામ્યો હતો.

ગાંધીનગર શહેરમાં આમ તો ઘણા બધા એકાંત માટેના સ્થળો આવેલા છે. પરંતુ શાંતિ-એકાંત અને જ્ઞાનપ્રતનું ઉત્તમ સ્થાન એટલે લાયબ્રેરી ત્યારે ગાંધીનગરના સે-૧૭માં સ્થિત રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે અસંખ્ય વિદ્યાર્થીઓ વાંચન માટે આવે છે. સવારના ૮ થી રાત્રિના ૧૧ વાગ્યા સુધી લાયબ્રેરી ચાલુ જ રહે છે ત્યારે આજે લાયબ્રેરીમાં વાંચન અર્થે બેસવા માટેની ખુરશી માટે ઉગ્ર બોલાચાલી બાદ ઝઘડો થતા સમગ્ર લાયબ્રેરીનું વાતાવરણ ડોહળાઈ ગયું હતું. બાદમાં લાયબ્રેરી સત્તાવાળાઓ તુરંત દોડી આવ્યા હતા અને ઝઘડો કરનાર સહિત તમામને બહાર મોકલી આપ્યા હતા અને લાયબ્રેરીને બંધ કરી દેવામાં આવી. સરકાર યોગ્ય સુવિધા આપી રહી છે ત્યારે વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિથી ખરેખર વાંચન કરવા આવતા વિદ્યાર્થીઓને લાયબ્રેરી છોડીને જવું પડયું હતું. જો કે થોડીવાર બાદ પાછી લાયબ્રેરી રાબેદા મુજબ ચાલુ કરી દેવામાં આવી હતી.

શિયાળામાં ઠંડી ભલે ફુલગુલાબી જ પડતી હોય પણ તેના રંગ અનેરા જોવા મળે છે

ટેલિ રીઝન
- સમીર રાવી

● શિયાળે ભલું ટુંટિયું

ગઈસાલ ગુજરાત ભરમાં ઠંડીના મામલે નં. ૧ રહેલા ગાંધીનગરમાં છેલ્લા અઠવાડિયાથી પવનના સુસવાટાના સથવારે 'ટાઢે' એન્ટ્રી મારતાંની સાથે જ આ વખતે પણ રેકોર્ડ સર્જવાના એંધાણ આપી દીધા છે. જો કે આ વખતે 'જશના માથે જૂતિયાં' ખાઈને વરસેલા વિક્રમી વરસાદે ઘણાને અગાઉથી 'આ શિયાળે ટાઢ ઘણી પડશે'ના સ્વપ્નો વહેલી પરોઢે આવવા લાગ્યા જ હતા. શિયાળો બેસતાં જ 'ટાઢા પ્હોરના ગપ્પા' મારવા મોડી રાત સુધી પાનના ગલ્લે કે સોસાયટીના નાકે મંડળી જમાવતા રસિકો હવે તો 'કાલે તો યાર ટીવી પર મસ્ત પીક્ચર હતું તે જોવા બેસી ગયેલો એટલે આવ્યો નહીં.' ના ખુલાસા બીજા દિવસે જાહેર કરતા દેખાય છે. ઉનાળે એસીમાં જ સર્દતર 'સ્પ્લીટ' થઈ જનારાઓ આ કુદરતી ઠંડકે ગોદડીમાં ઘુસીને ઓશિકાના ગલફે ગાલ ઘસતા થઈ જવામાં એટલી જ ઝડપ દાખવે છે.

શિયાળામાં ઠંડી ભલે ફુલગુલાબી જ પડતી હોય પણ તેના રંગ અનેરા જોવા મળે છે. જીન્સ, ટીશર્ટની ઉપર નવી નવી સ્વેટરોની ડિઝાઈન રીશી કપૂરને યાદ કરાવ્યા વગર રહેતી નથી. સ્વેટરના બ્રાન્ડ એમ્બેસેડર સમો આ રોમાન્ટીક કપૂર પાછો દેખાવે પણ પેલી સ્વેટર બજારની તિબેટીયન સુંદરીઓ જેવો જ વાન ધરાવતો હતો. તેનો દીકરો રણબીર કપૂર ભલે ગોળીઓની રાસે રામલીલા ભજવતા સંજય ભણસાલીના રવાડે ચઢીને દુવાલમાં ટાંટિયા ઉંચાનીચા કરી વારસો નિભાવવા મથતો હોય પણ બેશરમી ટાઢે તેને પણ ઠંડા થઈ જવું પડ્યું છે. ફેશન ટીવી જોઈને 'હોટ' અનુભવતા ગુજ્જુઓને ઠંડીમાં પેલી મોડલોને પણ 'બિચ્યારી' કહી ઉઠે છે. ગુજરાતીઓ માટે તો બધી મૌસમ ખાવાની મૌસમ જ હોય છે. ઠંડીમાં પંજાબી તવે ઘુમાડા કાઢતા તવા-મસાલા થી લઈને ચાઈનીઝ હક્કાનૂડલ્સ અને મન્ચુરીયન ગુજરાતીઓનું વિન્ટર એડવેન્ચર છે. એમાંય હવે રીંગણાનો ઓળો અને બાજરીનો રોટલો વટવાણી મરચાં કંઈક અલગ જ ઠર્યાનો શિતળ સંતોષ આપી જાય છે. અરે ગુજરાતીઓ એકલા ખાવામાં જ નહીં પણ 'પીવાના' પણ એટલા જ શોખીન છે. શિયાળાની સવારે જ્યુસ પીવા જબરદસ્તીથી પણ નિયમિત પણે ઉઠી જતા હેલ્થ કોન્શ્યસવીરો ગાજર, કારેલા, કાકડી અને આમળાનું કચુંબર કરી નાંખે છે. નિરો પીતા પીતા રોમના ભડકે બળવા ટાણે નીરો ફિડલ વગાડતો હતો તે બાબતે ગરમાગરમ ચર્ચાઓ કરી નિરોગી થવાનો પ્રયત્ન કરી નાંખે છે. મીઠાઈ જોઈને હમણાં હમણાં ગોળ પર માંખીની જેમ બણબણતાઓને ઠંડીમાં કડવું કરિયાતું અમૃત જેવું લાગવા માંડે છે. આ વર્ષે ડુંગળી, ટામેટા અને છેલ્લે બટાકાના ભાવે પણ નવા વર્ષે ડીશોમાં મુકાતી સ્વીટ્સની સંખ્યા કેવી રીતે ઘટાડી તેનો હજુ પણ તાળો મેળવી શક્યા નથી. પણ શિયાળે શાકભાજીના ભાવ ઘટશે જ તેવી નિશ્ચિત માન્યતા તેમને થોડી ઘણી ઢૂંફ તો આપી જ જાય છે. ડુંગળીની વાત નીકળી જ છે તો કહી દઉં હમણા એક મહાશયે અડદી ચા પીવડાવતા કાંદાના નામના એટલા બળાપા કાઢયા હતા કે તેમની વાતો સાંભળીને અમારા મોં માંથી પણ ડુંગળીની વાસ આવવા લાગી હતી, બોલો... પેલા શાક લેવા ગયેલા કૈલાશબેને તો રમીલાબેનને કોણી મારીને 'પાંચ' કિલો ડુંગળી એક સાથે (!) યુવાનને બતાવી તેમનો અભિપ્રાય માંગી જ લીધો કે, 'આપણી પિન્કી આની સાથે ગોઠવી નાંખીયે તો કેવું?' આ રમીલાબેન પણ પાછા આડોશ-પાડોશમાં 'સદ્દાર' દેખાવા છાનામાના શાકમાર્કેટના પાછળથી ડુંગળીના ફોતરાની થેલી ભરી લાવી સવારે કચરો કાઢતા 'અમે તો રોજ ડુંગળી ખાઈએ છીએ'નો હુંકાર વટભેર કરી નાંખે છે.

વાતનું વતેસર અટકાવી શિયાળે પાછા ફરતા ખોંખારો ખાઈને ગળામાંથી ગળફો કાઢવાની હાશ મેળવી લઈએ. ખાંસી અને ઉધરસતો શિયાળાનું સંગીત છે પણ કેટલાક બેસૂરાઓ તેની પાછળ આયુર્વેદના રવાડે ચઢી આદુ ખાઈને આમળા, લીલી હળદર અને તુલસી રસ વડે રીતસરના તુટી પડે છે. કેટલાક તો ગોદડી-રજાઈ પ્રેમીઓ ને તો શિયાળાની સવાર કઈ બલાનું નામ છે તેની પણ ખબર નથી. તો કેટલાક સ્વેટર, શાલ અને મફલર પહેવા જ જન્મ્યા હોય તેમ વીંટળાઈને ફર્યા કરતા હોય છે. શિયાળાની શરૂઆતમાં કસરત અને જોગીંગ કરવા નિકળી પડતા નવા સવા હરખપદૂડાઓ એક જ 'ટાઢુ ટબુકલું' પડતા જ અડદી કાઠીએ ફરકવા માંડે છે. શિયાળામાં તો અડદીયા પાક, ગુંદર પાક અને બદામ પાકને જ તંદુરસ્તી બનાવી શકાય તેવું માનતા કેટલાક તો માથે પણ વેસેલીન ઘસી નાંખતા અચકાતા નથી. આવી મૌસમમાં શહેરમાં બુકાનીધારીઓ કાનપટ્ટી ચડાવી, હાથમોજા પહેરી ચોતરફ એક નવી વિચરતી જાતિ તરીકે ઉભરી આવે છે. પણ આ બધામાં અમુક શૂરવીરો એવા પણ છે કે જેને આવી ઠંડીમાં પણ 'ટાઢા પાણીએ ન્હાવાની' ખુરી લતો લાગેલી હોય છે. આ નરબંકાઓ શિયાળે જાહેરમાં આઈસ્ક્રીમો ઝાપટી બીજાના ઘરોમાં કકળાટ કરાવવામાં માહેર હોય છે. જો કે કાંઈ ભલે ગમે તે કહે પણ આ શિયાળાનો આ સનેડો જ આપણી સાચી ઓળખ છે....

'શિયાળે ભલું ટુંટિયુ, ઉનાળે ઠંડી છાશ,
ચોમાસે ભલાં દાળવડાં પણ બચૂંડો બારેમાસ..'